અમદાવાદ-ગાંધીનગર સહિત 6 શહેરમાં તાપમાન 40Cને પાર

ગુજરાતમાં 7 દિવસ ગરમીનું યલો એલર્ટ

તાપમાનનો પારો 43° ડિગ્રી સેલ્સિયસ પર પહોંચશે

24 કલાકમાં પારો 3 ડિગ્રી સુધી વધી શકે

અમદાવાદ : રાજ્યમાં ઉનાળાની ગરમીનો પ્રભાવ યથાવત જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે રાજ્યના અનેક શહેરોમાં ઊંચું મહત્તમ તાપમાન નોંધાયું છે. ખાસ કરીને અમરેલી, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં 41 ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન પહોંચ્યું હતું, જ્યારે રાજકોટ, ગાંધીનગર અને સુરતમાં 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર , અન્ય શહેરોમાં ભૂજમાં 37C, નલિયામાં 34C, કંડલા પોર્ટ પર 36C અને કંડલા એરપોર્ટ પર 38C નોંધાયું હતું. ભાવનગરમાં 38C, પોરબંદરમાં 33C, મહુવામાં 35C, કેશોદમાં 37C, ડીસામાં 37C, વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં 39C તેમજ દમણમાં 36C તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગ મુજબ સાઉરાષ્ટ્ર-કચ્છના કાંઠા વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો છે, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. આ વિસ્તારોમાં તાપમાન સામાન્યથી થોડું નીચું રહ્યું છે, જ્યારે બાકીના વિસ્તારોમાં તાપમાન સામાન્ય સ્તરે રહ્યું છે. હાલમાં મધ્ય ટ્રોપોસ્ફેરિક પશ્ચિમી પવનોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે. ઉપરાંત દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને આસપાસના પાકિસ્તાન વિસ્તારમાં ઉપરવાસી ચક્રવાતીય પરિસ્થિતિ યથાવત છે. દક્ષિણ-પૂર્વ રાજસ્થાનથી લઈને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર સુધી ગુજરાત પરથી પસાર થતો ટ્રફ પણ સક્રિય છે, જેના કારણે હવામાનમાં અસ્થિરતા જોવા મળી રહી છે. આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદના 3 દિવસ દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.ખાસ કરીને 24 અને 25 એપ્રિલ દરમિયાન સાઉરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતના કાંઠાકાંઠા વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવાની અસર વધશે, જેના કારણે લોકોને અસહ્ય ઉકળાટનો અનુભવ થઈ શકે છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આગાહી મુજબ આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે. હાલમાં પશ્ચિમી વિક્ષેપ (Western Disturbance) અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન તથા પાકિસ્તાન સરહદ પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયેલું છે. સાથોસાથ રાજસ્થાનથી અરબી સમુદ્ર સુધી ગુજરાત પરથી એક ટ્રફ લાઈન પણ પસાર થઈ રહી છે, જેની અસર હેઠળ હવામાનમાં આ ફેરફારો જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગે લોકોને તીવ્ર ગરમી અને ભેજવાળા વાતાવરણમાં સાવચેતી રાખવાની સલાહ આપી છે.

બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવું

રાજ્યમાં સતત વધતી ગરમીને કારણે બપોરના સમયે લોકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. ટુ-વ્હીલર ચાલકો અને રાહદારીઓ મોઢે રૂમાલ, દુપટ્ટો બાંધીને અથવા છત્રીનો ઉપયોગ કરીને ગરમીથી બચવા પ્રયાસ કરી રહ્યા છે. આગામી દિવસોમાં ગરમીનું જોર વધવાની શક્યતા હોવાથી આરોગ્ય વિભાગ અને હવામાન વિભાગે બપોરે કામ વગર ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી છે.

કતારગામમાં મહિલા વકીલ પર તેમની જ ઓફિસમાં હુમલો

મહિલા વકીલની ઓફિસમાં જ પિતા-પુત્રનો આતંક

વકીલને મારી નાંખવાની ધમકી આપતા એટ્રોસિટીનો ગુનો નોંધાયો

સુરતઃ કતારગામ વિસ્તારમાં કાયદાના રક્ષક ગણાતા વકીલની ઓફિસમાં જ કાયદાના લીરેલીરા ઉડ્યા હોવાની સનસનીખેજ ઘટના સામે આવી છે. સોસાયટીમાં બેનર લગાવવા જેવી સામાન્ય બાબતના ઝઘડામાં સમાધાન કરવા માટે એકત્ર થયેલા બે પક્ષો વચ્ચે મામલો એટલો બિચક્યો હતો કે, પિતા, પુત્ર અને ભાઈએ મળીને મહિલા વકીલ અને તેમના મિત્ર પર હુમલો કરી દીધો હતો. મહિલા વકીલને જાતિ વિષયક અપમાનજનક શબ્દો કહી માર મારવામાં આવતા કતારગામ પોલીસે પિતા-પુત્ર સહિત ત્રણેય શખ્સો સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે.

કતારગામની એક સોસાયટીમાં બેનર લગાવવા મુદ્દે બે પક્ષો વચ્ચે વિવાદ ચાલતો હતો. આ વિવાદનો સુખદ અંત લાવવા માટે એક યુવકે મહિલા વકીલની મદદ માંગી હતી. મહિલા વકીલે મધ્યસ્થી બની કતારગામ બાળ આશ્રમ પાસે રહેતા રાજેશભાઈ રામજીભાઈ પાંડવને ઓળખતા હોવાથી સમાધાન માટે પોતાની ઓફિસમાં મીટિંગ બોલાવી હતી. આ બેઠકમાં રાજેશભાઈ પાંડવ, તેમનો પુત્ર ઋષભ અને ભાઈ શૈલેષભાઈ પાંડવ હાજર રહ્યા હતા. મીટિંગ દરમિયાન બંને પક્ષો વચ્ચે દલીલો શરૂ થઈ હતી, જે જોતજોતામાં ઉગ્ર બોલાચાલીમાં ફેરવાઈ ગઈ હતી. રાજેશ પાંડવ અને તેના પુત્ર-ભાઈએ પિત્તો ગુમાવ્યો હતો અને મહિલા વકીલની ઓફિસમાં જ ધમાલ મચાવી હતી. તેઓએ મહિલા વકીલના મિત્રને બેફામ ગાળો આપી મારવાનું શરૂ કર્યું હતું. જ્યારે મહિલા વકીલે વચ્ચે પડી મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આ શખ્સોએ વકીલની મર્યાદા પણ જાળવી નહોતી.આરોપીઓએ મહિલા વકીલને પકડીને માર માર્યો હતો અને તેમના પ્રત્યે જાતિ વિષયક અત્યંત અપમાનજનક શબ્દો ઉચ્ચારી જાહેરમાં માનહાનિ કરી હતી. એટલું જ નહીં, 'આજે તો બચી ગયા છો, પણ ફરી મળ્યા તો મારી નાખીશું' તેવી ધમકી આપી ઓફિસમાં આતંક મચાવ્યો હતો. મહિલા વકીલની ફરિયાદના આધારે પોલીસે ફરિયાદના આધારે રાજેશ રામજી પાંડવ, ઋષભ રાજેશ પાંડવ અને શૈલેષ રામજી પાંડવ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ તેમજ મારામારી અને ધમકીની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

નવસારીના સરપોરમાં 4 વર્ષથી આતંક મચાવતો લંગુર પકડાયો

દરજીની દુકાનમાં ઘૂસતા ગ્રામજનોએ શટર પાડી કેદ કર્યો

સુરત : નવસારી જિલ્લાના સરપોર પારડી ગામમાં છેલ્લા ચાર વર્ષથી આતંક મચાવતો એક હનુમાન લંગુર આખરે પકડાઈ ગયો છે. સાડા ચાર વર્ષની ઉંમરનો આ વાંદરો એક દરજીની દુકાનમાં ઘૂસી જતાં ગ્રામજનોએ સમયસૂચકતા વાપરી તેને કેદ કરી લીધો હતો. બાદમાં વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી વાંદરાનો કબજો મેળવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સરપોર પારડી ગામમાં લાંબા સમયથી આ વાંદરો ઉત્પાત મચાવી રહ્યો હતો. આજે તે ગામમાં આવેલી એક ટેલરની દુકાનમાં અચાનક ઘૂસી ગયો હતો. વાંદરો દુકાનમાં હોવાની જાણ થતા જ ગ્રામજનોએ તાત્કાલિક દુકાનનું શટર બંધ કરી દીધું, જેથી વાંદરો અંદર જ પુરાઈ ગયો હતો. આ ઘટના અંગે સામાજિક વનીકરણ વિભાગ (સુપા રેંજ) ને જાણ કરવામાં આવતા વન વિભાગની ટીમ તાત્કાલિક ગામમાં પહોંચી હતી. વનકર્મીઓએ ગ્રામજનોના સહકારથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું અને વાંદરાને કોઈ પણ ઈજા પહોંચાડ્યા વગર સુરક્ષિત રીતે પાંજરે પૂર્યો હતો.

ઝઘડિયા GIDCની કંપનીમાં બ્લાસ્ટ સાથે ભીષણ આગ, 15થી વધુ કામદાર દાઝ્યા

ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચથી ફાયર ટેન્ડરોનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો

ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સુરત અને વડોદરામાં રિફર કરાયા

ભરૂચઃ ઝઘડિયા GIDCમાં ગુરુવારે એક ભીષણ ઔદ્યોગિક દુર્ઘટના સર્જાઈ હતી. મેટ્રોપોલિટન એક્ઝીચેમ કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ સાથે ભયંકર આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી ગઈ છે. પ્રાથમિક અહેવાલો અનુસાર આ બનાવમાં 15થી વધુ શ્રમિકો ગંભીર રીતે દાઝ્યા છે.

બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો. જોતજોતામાં આગે આખી કંપનીને લપેટમાં લઈ લીધી. આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતા હતા. ઘટનાની જાણ થતાં જ ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચથી ફાયર ટેન્ડરોનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો છે. આગ પર કાબૂ મેળવવા માટે વોટર કેનનનો મારો ચલાવવામાં આવી રહ્યો છે.

આગની લપેટમાં આવી જવાથી 15થી વધુ શ્રમિકો દાઝી ગયા છે, જેમાં ગંભીર રીતે દાઝેલા સુરત અને વડોદરામાં રિફર કરાયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કેટલાક ઘાયલોની હાલત નાજૂક હોવાનું જાણવા મળ્યું છે. કંપનીમાં અન્ય કોઈ શ્રમિકો ફસાયેલા છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઘટનાનાં કારણો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પડ્યું નથી.

દાઝી ગયેલા કામદારોની યાદી

સાગર પટેલ, અરુણ તિવારી, કલ્પેશ વસાવા, શકીલ આફ્ટાર, હાર્દિક પરમાર, બુધન કુમાર, અમન કુમાર, હરિ પ્રકાશ, રોનક પટેલ, પ્રવીણસિંહ, રમેશ વસાવા

અમરેલીમાં ખેતમજૂરે માલિકના પુત્રની હત્યા કરી નાંખી

ટ્રેક્ટર ઉછાળીને રીલ્સ બનાવવા માટે ના પાડી ઠપકો આપ્યો હતો

મૃતક કર્ણદિવ વાળા ખેતરથી ઘરે જઇ રહ્યો હતો ત્યારે પાઇપ લઇને તૂટી પડ્યો

રાજકોટ : અમરેલી જિલ્લાના વડીયાના બરવાળા બાવીશી ગામની સીમમાં મોડી રાત્રે ખેતમજૂરે પોતાના જ માલિકના પુત્રની ઘાતકી હત્યા કરી છે. ટ્રેક્ટરને ઉછાળી રીલ્સ બનાવવા મુદ્દે તેણે આરોપીને ટોક્યો હતો. મનદુખ રાખી તે બાઈક પર નીકળતાં આરોપીએ પાછળથી માથામાં લોખંડની પાઈપ મારી નીચે પાડ્યો હતો અને ત્યારબાદ ઉપરાછાપરી પથ્થરના ઘા ઝીંકી પતાવી દીધો હતો.

એટલું જ નહીં, બાઈકની લૂંટ ચલાવી આરોપી ફરાર થઈ ગયો હતો. દીકરાના મોતથી પિતા પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. પોતાના વહાલસોયાને ખોળામાં રાખીને પિતા નિશબ્દ થઈ ગયા હતા.

મૃતક કર્ણદેવ વાળા રાત્રિના સમયે પોતાના ખેતરે હાજર હતા. તે સમયે ત્યાં કામ કરતો ખેતમજૂર રવિ જેમાભાઈ કારોલીયા ખેતરમાં બેફામ રીતે ટ્રેક્ટર ચલાવી રહ્યો હતો. રવિ મોબાઈલમાં સોશિયલ મીડિયા માટે રીલ બનાવવાના ચક્કરમાં ટ્રેક્ટરને જોખમી રીતે કુદાવી રહ્યો હોવાથી કર્ણદેવે તેને આવું ન કરવા કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો. આ સામાન્ય ઠપકાથી ઉશ્કેરાયેલા રવિએ મનમાં ખાર રાખ્યો હતો.

ઠપકો આપ્યા બાદ કર્ણદેવ પોતાના બાઈક પર ખેતરથી ઘરે જવા નીકળ્યા હતા. તે દરમિયાન જાહેર રસ્તા પર આરોપી રવિએ પાછળથી આવી લોખંડની પાઈપ વડે હુમલો કરી કર્ણદેવને બાઈક પરથી નીચે પાડી દીધા હતા. આરોપીએ "તને જીવતો નથી મૂકવો તેમ કહી ગાળો ભાંડી હતી અને માથાના ભાગે પથ્થરોના ઉપરાછાપરી ઘા મારી કર્ણદેવને લોહીલુહાણ કરી મોતને ઘાટ ઉતાર્યા હતા.

સુડોકુ ૭૫૦૩

૩	૭	૧		૨	૫			૬
૮	૯	૪	૧				૫	૨
								૮
			૩		૨			
	૩			૧		૫	૨	
	૮	૨			૭		૩	
	૧	૩	૭	૫			૬	૯
		૮					૪	
				૮	૩		૭	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

સૂવા અને અનુપાન

સૂવાનું ચૂર્ણ રોજ સવારે શક્તિ પ્રમાણે લેવું. બુદ્ધિ ગ્રહણ માટે મધ-ઘી, જઠરાગ્નિ માટે મધ, રૂપ સંવર્ધન માટે મધ અને ઘી સાથે, બળ માટે તલના તેલની સાથે અને બરોળ વૃદ્ધિના ઉપાય માટે સરસિયા તેલ સાથે સૂવા ચૂર્ણ લેવું.

ગુજરાત પંચાયતી રાજમાં 18માં ક્રમે ધકેલાયું

લોકશાહી ઢબે ચુંટાયેલા પ્રતિનિધિઓ કરતા અધિકારીઓનું જોર વધ્યું છે : કોંગ્રેસ

ગ્રામીણ વિકાસ અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે કોંગ્રેસનું વિઝન



અમદાવાદ : ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા પંચાયતી રાજનો પાયો નાખયો હતો. આ પંચાયતી રાજના મોડલને સમગ્ર દેશે સ્વીકાર કર્યો હતો, પરંતુ કમનસીબે વર્તમાન ભાજપની સરકાર દ્વારા સત્તાનું કેન્દ્રીયકરણ કરાતા, ગ્રામ્ય અર્થવ્યવસ્થા અને ગ્રામીણ પંચાયતી રાજનો ઢાંચો નબળો પડી ગયો છે. પરિણામે ગુજરાત પંચાયતી રાજમાં દેશમાં 18માં ક્રમે ધકેલાઈ ગયું છે. આજે લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કરતા અધિકારીઓનું જોર વધ્યું છે. રાજ્યમાં ગામડાંઓ તૂટતા જઈ રહ્યા છે અને શહેરીકરણ તરફનો ઝુકાવ વધી રહ્યો છે, જે ચિંતાજનક છે.

પંચાયતી રાજને મજબૂત કરી, પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત બનાવવા સાથે ગ્રામીણ વિકાસ અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે કોંગ્રેસનું વિઝન રજુ કરતાં પ્રદેશ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે કોંગ્રેસે ગ્રામ વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યોને પ્રવાસ ભથ્થું (T.A.) ચૂકવવાનું, VCE (કોમ્પ્યુટર ઓપરેટર)ને યોગ્ય પગાર સાથે કાયમી કરવાનો મુદ્દો, તેમજ દરેક તાલુકા અને જિલ્લા પંચાયતમાં "રાજીવ ગાંધી સેવા કેન્દ્ર" શરૂ કરી આધાર કાર્ડ, મા કાર્ડ અને અન્ય સરકારી સેવાઓ મફતમાં પૂરી પાડવાની યોજના રજૂ કરવામાં આવી. વહીવટી પારદર્શિતા લાવવા આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પ્રથાને બંધ કરી કાયમી ભરતી અમલમાં લાવવા, તેમજ ભ્રષ્ટાચાર રોકવા માટે વિજિલન્સ કમિટીની રચના કરવાની પણ જાહેરાત કરવામાં આવી. ગ્રામસભાને વધુ સશક્ત બનાવી, ગ્રામજનો દ્વારા નક્કી કરાયેલા એજન્ડા મુજબ બેઠક યોજવાની વાત પણ કરવામાં આવી. મહિલા સશક્તિકરણ માટે ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓને તાલીમ આપી સક્ષમ બનાવવાનું અને શ્રેષ્ઠ કાર્ય કરનાર મહિલાઓને "ઇન્દિરા ગાંધી મહિલા સશક્તિકરણ એવોર્ડ" આપવાની જાહેરાત કરવામાં આવી. સાથે જ ગરીબ પરિવારોને આવાસ માટે પ્લોટ અને મકાન સુનિશ્ચિત કરવાની વાત પણ રાખવામાં આવી.

શબ્દગુંફન - ૭૨૦૩

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. મધુર અવાજથી ગાતું સોહામણું પંખી (૪)
૪. હર્ષનો ઉછાળો (૩)
૭. સોનાનું, સોનેરી (૩)
૮. દુઃખ, પીડા (૩)
૯. રમી રહેલું, આનંદ માનતું (૪)
૧૧. ચિંતન (૩)
૧૨. હણાયેલું (૨)
૧૩. તપસ્યા (૨)
૧૫. પોષણ માટે જોઈએ તેટલો ખોરાક (૪)
૧૮. શ્વાસ (૨)
૨૦. પ્રહાર ઝીલવાનું સાધન (૨)
૨૧. નોતરું, ઈજન (૩)
૨૩. નજર આગળથી ન ખસે એટલા પૂરતી કેદ (૫)
૨૬. હઠ, દુરાગ્રહ (૩)
૩૦. વિદાયગીરી (૪)
૩૩. બારી (૪)
૩૪. બાગ, આનંદ (૩)
૩૫. સાર, રહસ્ય (૨)

ઊભી ચાવી

૨. સુંદર, રમણીય (૩)
૩. નફો, લાભ (૩)
૪. યુક્તિ, કરામત (૪)
૫. ફિટકાર, શરમ (૪)
૬. નિષેધ, પ્રતિબંધ (૩)
૯. સુંદર, મનોહર (૨)
૧૦. બાધા, આખડી (૩)
૧૨.પ્રત્યેક, દરેક (૨)
૧૪. પદવી, ઉપાધિ (૨)
૧૫. મેળાપ, મુલાકાત (૩)
૧૬. પ્રત્યક્ષ, મોજૂદ (૩)
૧૭. પ્રાણ, જાન (૨)
૧૯. પવન (૩)
૨૧. ફરિયાદ, ન્યાય (૨)
૨૨. અંધકાર (૨)
૨૪. પારસીનો આનંદનો દિવસ (૩)
૨૫. કેદમાં પુરાયેલું (૨)
૨૭. શ્રમ, જહેમત (૪)
૨૮. બાણ (૨)
૨૯. દોલત (૨)
૩૧. ચીજ, નમૂનો (૨)
૩૨. પાસે પાસે સંકડાઈને આવેલું (૨)
૩૩. રંગ, વર્ણ (૨)



આજનું પંચાંગ

તા. 24/04/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** વૈશાખ
તિથિઃ સુદ આઠમ : 19:23
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ : 04
યોગ : શૂલ **કરણઃ** વિષ્ટિ
નક્ષત્ર : પુષ્ય:20:15 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી. **રાશિઃ** કર્ક (ડ.હ.)
દિવસ : શુભ - દુર્ગાષ્ટમી
સુરતમાં સૂર્યોદય : 06:14 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:59
નવકારસી : 06:02
પારસી વર્ષ : 1395 આદર માસનો 13મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્કાદ માસનો 06ઠ્ઠો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): બહારનાં કામમાં પ્રગતિ થાય. નોકરીમાં નવી જવાબદારી આવે.ઘરમાં વાદવિવાદ ટાળવા.

વૃષભ (બ,વ,ઉ,): અટકેલા કામમાં ગતિ આવે. મિત્રો વગેરેને મદદરૂપ બનશો. ઉધાર લેવાદેવાનું ટાળવું.

મિથુન (ક,છ,ઘ,): ઘરમાં નાના સભ્યોની સમસ્યા સતાવે. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. વારસા બાબતે પ્રગતિ થાય.

કર્ક (ડ,હ,): સમાજમાં પ્રતિષ્ઠા વધે.શુભ સમાચાર મળે. મન ક્રિયાશીલ રહે. પડવા-વાગવાથી સાવધાન રહેવું.

સિંહ (મ,ટ,): ખર્ચા વધશે. નોકરી-ધંધામાં કોઈની વાતોમાં આવવું નહીં. થાકનો અનુભવ વધે. આરોગ્યના ખર્ચા વધે.

કન્યા (પ,ઠ,ણ,): શેર-સટ્ટા લોટરી, વાયદામાં ધીરજ રાખવી. પ્રેમમાં તાલમેળ રાખવો. મિત્રો સાથે વિવાદ ટાળવો.

તુલા (ર,ત,): નવી યોજના પાર પડે. આવક વધે. સમાજમાં માન મળે. અચાનક શુભ સમાચારથી આત્મવિશ્વાસ વધે.

વૃશ્ચિક (ન,ય,): અટકેલાં નાણાં આવે. ધર્મ-કર્મથી શાંતિ મળે. ઉપરી વર્ગનો સાથ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ક્રોધ પર કાબૂ રાખવો. જૂનાં દર્દો પરેશાન કરશે. વાહન ધીમે હાંકવું. અચાનક સફળતા મળી શકે છે.

મકર (ખ,જ,): ભાગીદારીની યોજનામાં પ્રગતિ થાય. ઘરમાં અશાંતિ રહે. ઘરના નાના સભ્યોને મદદરૂપ બનશો.

કુંભ (ગ,સ,શ,ષ,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે. ગુપ્તભય સતાવે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.આવક કરતાં ખર્ચા.

મીન (દ,ચ,ઝ,થ,): વિદ્યાર્થીઓને સફળતા મળે. મિત્રોનો સાથ મળે.ઉઘરાણી આવે. પ્રેમમાં પ્રગતિનો અુભવ થાય.

કોઈ પણ સાલમાં 24 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે નવી તકો ઊભી થાય. ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. હરીફોની હેરાનગતિ સતાવે. ઉંમરલાયકના વિવાહ થાય. સંતાનોના કામમાં વિલંબ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં પ્રગતિ થાય. વધારાની આવકમાં વડીલોની મદદ મળે. વારસા જાયદાદ, જમીન જેવાં કામ ધીમાં પડે. વર્ષ દરમિયાન નવાં રોકાણ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. પ્રેમવિવાહમાં મદદ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ડિસેમ્બર શુક્ર-શનિવાર 6,15, 24 તારીખે નવા કામ કરવાં સફેદ તથા ચમકીલો રંગ વાપરતા રહેવું. જુલાઈ-ઓગસ્ટ બુધવાર, 01, 10, 19, 28 તારીખે નવાં કામ ટાળવાં. ભુરો અને ગ્રે રંગ ઓછો વાપરવો વર્ષ દરમિયાન શુક્રના ઉપાય કરતાં રહેવું.

સચિન જીઆઇડીસીમાં ગર્ભવતી પત્નીને મૂકીને યુવકે ફાંસો ખાધો

સુરતઃ સચિન જીઆઇડીસીમાં ગર્ભવતી પત્નીને મુકીને યુવકે ઘરકંકાસમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની રવિ રામસજીવન સિંહ (28 વર્ષ) હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલ શિવનગરમાં પત્ની સાથે રહેતો હતો અને TFO મશીનના ઓપરેટર તરીકે નોકરી કરતો હતો. તેની પત્નીને 9 માસનો ગર્ભ છે. ગુરુવારે બપોરે 1:30 વાગ્યાના સુમારે રવિએ રૂમમાં લોખંડના સળિયા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં રવિએ ઘર કંકાસમાં પગલું ભર્યું હોવાની શક્યતા જાણવા મળી હતી.

કડોદરાની મિલમાંથી ત્રણ તરુણશ્રમિકોનેમુક્તકરાવાયા

ટાસ્ક ફોર્સના ગગન સિલ્કમિલ પર દરોડા

સુરતઃ સુરત જિલ્લામાં બાળમજૂરી સામે સખત વલણ દાખવતા તંત્રએ પલસાણા તાલુકાના કડોદરા-વરેલી વિસ્તારમાં આવેલી ગગન સિલ્ક મિલ્સ પ્રા. લિ. ખાતે અચાનક રેડ કરી હતી. જિલ્લા બાળમજૂરી નાબૂદી વિરોધી ટાસ્ક ફોર્સ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન ૧૭ વર્ષની ઉંમરના ત્રણ તરૂણો મિલમાં કામ કરતા મળી આવ્યા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, આ ત્રણેય કિશોરોમાંથી બે સુરતના અને એક નવસારી જિલ્લાના વતની છે. તેઓ છેલ્લા બે મહિનાથી સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી ગાડી લોડિંગનું કામ કરતા હતા. કામ બદલ તેમને માસિક રૂપિયા ૧૨,૦૦૦થી ૧૫,૦૦૦ સુધીનું વેતન નક્કી કરાયું હતું. ટાસ્ક ફોર્સે સ્થળ પરથી ત્રણેય તરૂણોને મુક્ત કરી, કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી છે. ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC)ના માર્ગદર્શન હેઠળ તેમને તાત્કાલિક સુરક્ષા અને સંભાળ માટે વી. આર. પોપાવાલા આશ્રમ ખાતે મોકલવામાં આવ્યા છે. તંત્ર દ્વારા હાલ બાળકોની વય સંબંધિત દસ્તાવેજોની ચકાસણી ચાલી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ ગગન સિલ્ક મિલ્સ સામે બાળમજૂરી સંબંધિત કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી શક્યતા છે. જિલ્લા ટાસ્ક ફોર્સે જણાવ્યું છે કે બાળમજૂરી જેવા ગુનાઓ સામે આવનારા સમયમાં પણ આવી જ સઘન તપાસ અને કાર્યવાહી ચાલુ રહેશે, જેથી બાળકોના હકોની રક્ષા થઈ શકે.